

સેક્ટર-૮માં કાર્યરત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે શનિવારે દર વર્ષની માફખ વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ટૂંકી દોડ ઉપરાંત કોથળા દોડ, રન વીથ બેલેન્સીંગ જેવી અનેક રમૂજી રમતોની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર પ્રજાપતિ સમાજનું ૩૦મીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો ૨૦૧૨નો સ્નેહમિલન તથા વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ તા. ૩૦મી ડિસેમ્બરના રોજ ટાઉનહૉલ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. ગાંધીનગર પ્રજાપતિ સમાજના ભાઈબહેનોએ હાજર રહેવા જશુભાઈ ઓઝા, મંત્રીશ્રી, ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વાર જણાવેલ છે.

## ગાંધીનગર બ્રહ્મ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૯માં આવેલા સોમનાથ મંદિરના પ્રણેતા સ્વ. દિલીપભાઈ જોષી (જોષીદાદા)ની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આજે પ્રાર્થના સભા અને શ્રધ્ધાંજલી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મસમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે સમાજના સભ્યોએ જોષી દાદાને શ્રધ્ધાંજલી અર્પી હતી.

આ ઉપરાંત સમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું હતું કે સમાજ દ્વારા એક અગત્યની બેઠક આગામી તારીખ ૧૪ ડિસેમ્બરના રોજ યોજાશે ત્યારબાદ ૧૫મી ડિસેમ્બરના રોજ સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવશે.

## પ્રશ્નોરા નાગર જોગ

ગાંધીનગર, તા.૮

શ્રી પ્રશ્નોરા નાગર જ્ઞાતિ હાટકેશ્વર મહાદેવ ટ્રસ્ટ, નાનીબોરૂ દ્વારા નાનીબોરૂ ખાતે તા. ૨૩ ડિસેમ્બર ૨૦૧૨ (રવિવાર)ના રોજ 'પાઠાત્મક લઘુરૂદ્ર'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમસ્ત પ્રશ્નોરા નાગર જ્ઞાતિજનોને પધારવા અનુરોધ કરવામાં આવે છે. અત્રેની સંસ્થા લકઝરી બસની વ્યવસ્થા કરવા ઈચ્છે છે. આ અંગેની વધુ માહિતી માટે જયપ્રકાશ ભટ્ટ, હરિકૃષ્ણ પંડયા, ઉપેન્દ્ર પાઠક તથા અહીંની સંસ્થાના ટ્રસ્ટી રવિન્દ્ર મહેતાનો સત્વરે સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## ગાંધીનગરના બે યુવા પત્રકારોને ઘ માર્ગ પર અકસ્માત નડયો

### ઈ-ટીવીના કેમેરામેનને પગે અને વી-ટીવીના રીપોર્ટરને ખભે ફ્રેકચર : બંને સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના ઈલેકટ્રોનીકસ મિડીયામાં ફરજ બજાવતા બે યુવા પત્રકારો ગત મોડી સાંજે બાઈક પર ઘ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન સે-૬/૭ બસ સ્ટેન્ડ નજીક તેમને અકસ્માત નડયો હતો. સદનસીબે બંનેમાંથી કોઈને પણ હેડ ઈન્જરી કે અન્ય કોઈ ગંભીર ઈજાઓ થવા પામી નથી. મારૂતી ફંટી સાથે થયેલા અકસ્માતમાં બંનેને ફ્રેકચર થઈ જતાં સારવાર માટે હાઈટેક હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર ઈ-ટીવી ગુજરાતીમાં કેમેરામેન તરીકે ફરજ બજાવતા હરીશ ગઢવી તથા વી-ટીવીમાં સિનિ. રિપોર્ટર તરીકે ફરજ બજાવતા હેમંત ગોલાણી ગઈ કાલે મોડી સાંજે રોયલ એન્ફીલ્ડ બાઈક પર ઘ-૨ થી ઘ-૩ તરફના રસ્તા પર જઈ રહ્યા હતા તે દરમિયાન સે-૬-/૭ના બસ સ્ટેન્ડ નજીક મારુતી ફંટી કાર સાથે તેમનો અકસ્માત સર્જાવા પામ્યો હતો. ઈજાગ્રસ્ત બંને યુવા પત્રકારોને તાત્કાલિક શહેરની હાઈ-ટેક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જેમાં હરીશ ગઢવીને પગે તથા હેમંત ગોલાણીને હાથના ખભે ફ્રેકચર હોવાનું માલુમ પડતાં બંનેને દાખલ કરીને સારવાર શરુ કરવામાં આવી છે. સદભાગ્યે બંને યુવા પત્રકારોને કોઈ ગંભીર ઈજાઓ થવા પામી નથી.

## મતદાન મથકો પર બીજા તાલુકાની પોલીસને બંદોબસ્તમાં મુકાશે

### બુથ પર ગેરરીતિ કે અવ્યવસ્થા ન સર્જાય તે માટે ચારેય તાલુકાની પોલીસની ફેરબદલી કરવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૮

ગુજરાત વિધાનસભાની યોજાનાર ચૂંટણી દરમિયાન મતદાન મથકો તથા બુથ પર કોઈ અવ્યવસ્થા ન સર્જાય અને પરિચિત ચહેરો જોઈને પોલીસને શરમમાં મુકી કોઈ ઉમેદવાર કે કાર્યકર્તા ગેરલાભ ન ઉઠાવી જાય તે હેતુસર જિલ્લાનાં ચારેય તાલુકાઓની પોલીસની ચુંટણીનાં દિવસે ફેરબદલી કરીને હાલમાં ફરજ બજાવતા તાલુકામાંથી બદલીને અન્ય તાલુકામાં ફરજ બજાવવા મુકી દેવામાં આવશે.

ચુંટણી દરમિયાન મતદાન મથકોની અંદર છેક બુથ સુધી પહોંચી જઈને વિવિધ પક્ષના ઉમેદવારો તથા કાર્યકરો દ્વારા સંબંધીત પક્ષને જ મત આપવા માટે મતદારોને દબાણ કરવાના કિસ્સાઓ બનતા રહેતા હોય છે ત્યારે આ વખતે કસ્મકશભરી રસપ્રદ ચુંટણી દરમિયાન આવી કોઈ બાબત બને નહીં તે હેતુસર નવો કિમીયો અપનાવ્યો છે. મતદાન મથકો પર બંદોબસ્તમાં મુકવામાં આવેલી પોલીસ જાણીતી હોવાથી પોલીસને શરમમાં નાંખીને ઉમેદવારો કે કાર્યકરો બુથ સુધી પહોંચી જતાં હોય છે. આમ ન થાય તે માટે બીજા તાલુકાની પોલીસને બંદોબસ્તમાં મુકવા પ્લાન ઘડી કઢાયો છે. ચારેય તાલુકાની પોલીસને બંદોબસ્ત માટે ફેરબદલી કરી અલગ તાલુકામાં ફરજ સોંપવા નિર્ણય લવાયો છે એટલે કે ગાંધીનગર તાલુકાના મતદાન મથકો પર દહેગામ તાલુકાની પોલીસ, તો કલોલ તાલુકામાં ગાંધીનગરની પોલીસ તથા માણસા તાલુકામાં કલોલ તાલુકાની પોલીસને બંદોબસ્ત માટે મુકવામાં આવશે જેથી કોઈ અવ્યવસ્થા કે ગેરરીતિ સર્જાય નહીં.

## સે-૧૧માંથી હોન્ડાસીટી કાર ગાયબ થઈ જતાં છેતરપીંડીની ફરિયાદ

### ઉછીના રૂપિયા લેનાર મિત્ર જ અવેજમાં આપેલી પોતાની કાર ઉઠાવી ગયો...!!

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના જીઈબી ખાતે રહેતા અને ટ્રાન્સપોર્ટેશનનો વ્યવસાય કરતો યુવાન સે-૧૧માં હોન્ડાસીટી ગાડી લઈને ગયો અને ગાડી પાર્ક કરીને જીમમાં જઈ પરત ફર્યો ત્યાં સુધીમાં લેપટોપ તથા અન્ય કિંમતી ચીજવસ્તુ અને ડોકયુમેન્ટ સાથે હોન્ડાસીટી કાર ગાયબ થઈ જવા પામી હતી. રૂ. ૩૫ લાખ ઉછીના લઈને તેના બદલામાં હોન્ડાસીટી કાર અવેજ તરીકે આપનાર મિત્ર જ કાર બીજી ચાવીની મદદથી ઉઠાવી ગયો હોવાની શંકાને પગલે આ સંદર્ભે તે યુવાને સે-૭ પોલીસ મથકે વિશ્વાસઘાત તથા છેતરપીંડીનો ગુનો દાખલ કરાવ્યો છે. સે-૭ પોલીસ મથકના પી.એસ.આઈ. ભરવાડે આ સંબંધે સઘન તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ જિલ્લાના ધંધુકાના વતની અને હાલ જીઈબી ગાંધીનગર ખાતે રહેતા ક્રિપાલસિંહ જયદીપસિંહ રાણા મીત કોર્પોરેશનના નામે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. અમદાવાદ ખાતે રહેતો તેનો મિત્ર દિનેશ કાંતિભાઈ શાહ પણ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તેને રૂપિયાની જરૂર પડતાં ક્રિપાલસિંહે રૂ. ૩૫ લાખ ઉછીના આપ્યા હતાં તેના અવેજમાં હિતેશે તેની જીજે-૧ કે.એફ.૯૯૪૦ નંબરની હોન્ડા સીટી કાર રાખવા આપી હતી અને કહ્યું હતું કે ઉછીના લીધેલા રૂપિયા પરત ન કરું ત્યાં સુધી કાર રાખજે. દરમિયાન ૫મી ડિસેમ્બરે ક્રિપાલસિંહ કાર લઈને સે-૧૧માં જીમમાં ગયા હતાં પાર્કિંગમાં પડેલી કારમાં રૂ. ૩૦ હજારનું લેપટોપ, ૫ હજારનો મોબાઈલ, રૂ. ૨ હજાર ભરેલું પાકીટ અને અન્ય ડોકયુમેન્ટસ તથા એટીએમ પડયા હતાં. આ કાર ક્રિપાલસિંહ જીમમાંથી બહાર આવ્યા ત્યાં સુધીમાં ગાયબ થઈ ગઈ હતી જેથી ક્રિપાલસિંહે તેના મિત્ર દિનેશ શાહ પર શંકા કરીને સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે કે તેણે તેની પાસેની બીજી ચાવીની મદદથી કાર ઉઠાવી લીધી છે જેને આધારે પોલીસે છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટરના પ્રોજેકટની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા.૮

રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ ભારત સરકારનાં વિજ્ઞાન અને ઔદ્યોગિકી સંચાર પરિષદ, ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ન્યુ દિલ્હી આયોજીત સત્ય શોધક સભા, સુરત દ્વારા રાજયકક્ષાની સ્પર્ધાનું આયોજન ડાહ્યાભાઈ વિદ્યાસંકુલ, કરણનગર, કડી ખાતે ગત તારીખ ૪, ૫ અને ૬ ડિસેમ્બરનાં રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આ વર્ષનો વિષય 'ઉર્જા : સંશોધન, સનિયંત્રણ અને સંરક્ષણ' રાખવામાં આવ્યો હતો. સમગ્ર ગુજરાત રાજયમાંથી ૧૨૦ જેટલા પ્રોજેકટો રાજય કક્ષાની સ્પર્ધામાં રજુઆત પામ્યા હતા. આ સ્પર્ધામાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બે પ્રોજેકટ રજુ કરવામાં આવ્યા હતા.જે પૈકી એક પ્રોજેકટની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી કરવામાં આવી છે. આ પ્રોજેકટનો વિષય 'એન્યવાયર્નમેન્ટલ ઈમપેકટ એસેસમેન્ટ ડયુ ટુ થર્મલ પાવર સ્ટેશન ગાંધીનગર' હતો.

આ પ્રોજેકટનો ટીમ લીડર નિનાદ ઠકકર હતો અને તેના સાથી સભ્યો અનિકેત જોષી, રાજ સોલંકી, કાવ્યા પટેલ હતા આ પ્રોજેકટ નિસર્ગ સાયન્સ સેન્ટરનાં મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેકટ નેશનલ લેવલે રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ પરિષદમાં વારાણસી ખાતે રજુ કરવામાં આવશે.

## આર.સી. બુકમાં ગંભીર છબરડા કારનું મોડલ સુધ્ધા બદલાઈ જાય છે !

### ભુલોની ભરમાર સુધારવા પણ અરજદારોએ ધક્કે ચડવું પડે છે

ગાંધીનગર, તા. ૮

પાટનગરના આંગણે સ્થિત રાજ્યની મોડેલ આર.ટી.ઓ. કચેરીમાં રોજ-બરોજ નત-નવા છબરડાઓ જોવા મળે છે. સ્માર્ટ આર.સી. બુકમાં પણ ગંભીર ભૂલોની ભરમાર અરજદારો માટે મુંઝવણરૂપ બની રહી છે. આર.સી.બુકમાં કારનું નામ જ બદલાઈ જાય તેવી ક્ષતિ સુધારવા પણ અરજદારે તંત્રને કાકલુદી કરવાની સ્થિતિમાં મુકાવું પડે છે.

પાટનગરના આંગણે કાર્યરત કહેવાતી અતિ આધુનિક આર.ટી.ઓ. કચેરી અંધેર વહીવટથી અરજદારો તોબા પોકારી ગયાનું આક્રોશ પ્રબળ બન્યો છે. હાઈટેક અને પેપરલેસ આર.ટી.ઓ. કચેરીની કામગીરી આંગળીના ટેરવે હોવાના બણગા ફુંકવામાં આવી રહ્યા છે ત્યારે ડગલે ને પગલે મુશ્કેલી ભોગવતા અરજદારોની રજુઆત સાંભળવામાં પક્ષ કોઈને રસ ન હોય તેવો રોષ ફરિયાદ સ્વરૂપે ઉભરી રહ્યો છે. રાજ્યમાં મોડેલ કહેવાતી આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તે મુજબની આધુનિક વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનું જણાવવામાં આવે છે. પરંતુ નવનિર્મિત આર.ટી.ઓ. કચેરીનો ઉંબરો ચડતા અરજદારોએ પોતાના જરૂરી કામ માટે રોજ બરોજ ધક્કે ચડવું પડે છે. માણસા તાલુકાના વરસોડા ગામના અમરસિંહ ચાવડાને આર.ટી.ઓ.ના ખાડે ગયેલા વહીવટનો આવો જ કડવો અનુભવ થયો છે. તેમણે પોતાની કાર મારૂતિ એસ.એક્સ-૪ માટે સ્માર્ટ આર.સી.બુક મેળવા અરજી કરી હતી. જેની સામે આર.ટી.ઓ. કક્ષાએથી અરજદારને સુપ્રત કરવામાં આવેલ સ્માર્ટ આર.સી.બુકમાં ગંભીર પ્રકારની ક્ષતિઓ હોવાનું પ્રકાસમાં આવ્યું છે. આર.સી. કાર્ડમાં એસ.એક્સ-૪ના બદલે ઝેન એસ્ટીલો કારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વાહનની ક્યુ.બીક.કેપીસીટી પણ ૧૨૪૮ સી.સી.ના બદલે ૧૦૬૧ સી.સી. ખોટી દર્શાવાઈ છે. આર.સી.બુકમાં જોવા મળેલી આ ગંભીર ભુલને સુધારવા અરજદારે આર.ટી.ઓ. તંત્ર સમક્ષ રજુઆત કરવા છતાં પણ કોઈ પરીણામ મળ્યું નથી. એટલું જ નહી પરંતુ તેમણે રોજ-બરોજ ધક્કે ચઢાવવામાં આવતા હોવાનું રોષ પણ તેમણે ઠાલવ્યો છે. એક બાજુ આર.ટી.ઓ. કચેરીને હાઈટેક અને મોડેલ રૂપ બનાવાઈ હોવાની બડાશો હાંકવામાં આવે છે ત્યારે અરજદારોને પડતી હાલાકીનો હજુ સુધી અંત આવ્યો નથી.

## ગાંધીનગરમાં ઉજવાયો અનોખો લગ્નોત્સવ

### મુક બધિર સ્વીટીએ જીવનના પડકારોને હસતાં હસતાં ઝીલી પ્રભુતામાં પગલાં પાડયા

ગાંધીનગર, તા. ૮

શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ ક્યારેક પોતાના નામ મુજબ જ વિશિષ્ટ વ્યક્તિઓ પૂરવાર થાય છે. આવી વ્યક્તિઓમાં ક્યારેક એવો ગજબનો આત્મવિશ્વાસ અને આંતરિક શક્તિ જોવા મળે છે, જેને કારણે તે આફતને પણ અવસરમાં પલ્ટી નાખવાની સિદ્ધિ ધરાવે છે.

ગાંધીનગરની એક પ્રતિભાશાળી યુવતિએ પણ આવું જ ઉદાહરણ પુરું પાડ્યું છે, જે અન્ય વિશિષ્ટ વ્યક્તિઓ માટે માર્ગદર્શક બની રહ્યું છે.

૧૯૭૭ જાન્યુ.ની ૨૫ તારીખે મહેન્દ્રભાઈ ઠાકર અને દર્શનાબેન ઠાકરને ત્યાં ફુલ જેવી દીકરીનો જન્મ થયો. ઘરમાં લક્ષ્મીનું આગમન થતાં પરીવારમાં હરખ હતો. અને એ હરખ જલેબી દ્વારા નહિ પણ પેંડા વહેંચીને વ્યક્ત કરાયો. સુંદર મજાની ઢીંગલી હતી. સૌ તેને સ્વીટી કહેતા નામ એનુ દિપ્તી હતું. સ્વીટીના ઉછેરમાં કોઈ કમી ના રહે તેનું સૌ ધ્યાન રાખતા. સમયનું ઘટનાચક્ર ફરતુ ગયુ... સ્વીટી ૧ વર્ષની થઈ. દર્શનાબેન દિકરીને લાડ કરે, બોલાવે, ઘુઘરો વગાડી તેનું ધ્યાન કેન્દ્રિત કરવા પ્રયત્ન કરે પણ સ્વીટી કોઈ પ્રતિભાવ ન આપે.. દર્શનાબેનને ધ્રાસકો પડ્યો મનમાં શંકા કુશંકા થઈ. દીકરી સાંભળતી નહિ હોય ?... ડોક્ટરી તપાસ થઈ... મમ્મીની શંકા સાચી પડી... દીકરી જનમથી જ સાંભળી શકતી ન હતી... પપ્પા મમ્મી પર આભ તૂટી પડ્યું... કુદરતની અમારી સાથે આવી મજાક ?... પણ પરિસ્થિતિ નિર્માણ થઈ ચુકી હતી તેમાં પરિવર્તન શક્ય ન હતું. દિકરી વહાલનો દરીયો હતી પણ દરીયામાં પ્રેમ અને લાગણીનો સેતુ બનાવવાની કપરી કામગીરી બંને માથે આવી પડી હતી. પણ દર્શનાબેને મન મક્કમ કર્યુ. આવી વિશિષ્ઠ દીકરીઓ સાથે કઈ રીતે વર્તાવ કરવો તેના ઉછેરમાં કેવી કાળજી રાખવી તેના અભ્યાસ માટે દર્શનાબેને ડેફ ટીચર ઈન ડીપ્લોમાંનો કોર્સ કર્યો અને દીકરીને નોર્મલ બાળકો સાથે જ અભ્યાસ કરવા સ્કૂલમાં મુકી. દિપ્તીમાં ગ્રાસ્પીંગ પાવર ગજબનો, તેનો આત્મવિશ્વાસ પણ અદ્ભુત. સેક્ટર-૩૦ની પ્રાથમિક સાળામાં ધો. ૬ સુધી અભ્યાસ કરી, માધ્યમિક અભ્યાસ માટે જે.એમ.



ચૌધરી હાઈસ્કુલમાં એડમીશન લીધુ. ૧૯૯૫માં દિપ્તીએ એસ.એસ.સી. અને ૧૯૯૮માં એચ.એસ.સી. બોર્ડની પરીક્ષા ૭૦ ટકા સાથે પાસ કરી. પછી તો દિપ્તીની શૈક્ષણિક ભુખ ઉઘડી. તેણે કોલેજમાં એડમીશન મેળવી બી.એ. (હોમ સાયંસ) કર્યુ. પછી તો કોમ્પ્યુટરની લગની લાગતાં ડીસીપી, ડીટીપી, એમએસ-ઓફીસ, વેબ ડીસાઈન, ટેલી, ગ્રાફીક ડીઝાઈન કોર્સ કર્યા અને પ્રા. કંપનીમાં નોકરી પણ મેળવી તેનો આત્મવિશ્વાસ એવો ગજબનો છે કે તેની માનસિક રીતે ક્ષતિનો ક્યારેય અહેસાસ થતો નથી.

દિકરીનું બચપણ ક્યારે પુરુ થયું ખબર પણ ન પડી.. દિકરી ઉંમર લાયક થતાં સ્વાભાવિક પણે માતાપિતાને ચિંતા થાય. દિકરીના હાથ પીળા કરવાની.. પણ માતા પિતાની મુંઝવણનો પાર નહિ... મનમાં સતત અજંપો, વેદના અને વલોપાત.. મુરતિયો ક્યાં શોધવો ? પણ દિપ્તીએ નક્કી કર્યું હતું કે હું મારા મનનો માણીગર એવો શોધીશ, જે દેખાવડો હોય, મારી લાગણી સમજી શકે, જેનામાં ભારોભાર સદ્ભાવનાની છાંટ હોય, માનવીય મુલ્યોનું જતન કરી શકે અને દામ્પત્યજીવનને મહેકતુ કરવામાં ક્યાંય ખોટ ન વર્તાવા દે... બસ હું ઈંતજાર કરીશ... દિવસો, મહિનાઓ, વર્ષો... મને ઉતાવળ નથી... જીંદગી હજુ લાંબી છે.. અને એમ કરતાં દિપ્તીને ૩૫ વર્ષ થયા પણ તેનો વિશ્વાસ હજુ ડગ્યો ન હતો, તે હિંમત હારી ન હતી... માતા પિતા બેચેન હતા... અને ૩૫ મા વર્ષે દિપ્તી માટે સોનાનો સુરજ ઉગ્યો.. રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ન્યુઝ પેપર પ્રેસમાં કોમ્પ્યુટર સેકશનમાં જોબ કરતા અસિત ઠક્કર સાથે તેનો પરિચય થયો અને દિપ્તીએ અસિતકુમારને પ્રપોઝ કર્યુ... અસિતે ઈશારાથી તેનો સ્વીકાર કર્યો... કારણ કે અસિત પણ.. કહેવાય છે કે જોડી ઉપરવાળો નક્કી કરે છે. આપણે તો તેનો ઉત્સવ જ મનાવવાનો હોય છે અને એ શુભ દિવસ આવ્યો.. ગત ૭ ડિસેમ્બરે શુક્રવારે અસિતકુમાર વાજતે ગાજતે જાન લઈને આવ્યા... દિપ્તી અને અસિતના ઘડીયા લગ્ન લેવાયા ગાંધીનગર સેક્ટર-૧૨ ખાતે, વિશ્વકર્મા હોલમાં. બપોરે ૩.૦૦ કલાકે આ યુગલ લગ્નગ્રંથિથી જોડાયું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૧.૧૫

ખેલાડી ૭૮૬ : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ખેલાડી : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦

તલાશ : ૧૨.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

ખેલાડી : ૧૨.૩૦, ૯.૩૦

તલાશ : ૪.૦૦, ૬.૪૫

: સ્ક્રીન-૪ :

તલાશ : ૧૦.૦૦

સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦

જબ તક હૈ જાન : ૬.૧૫

ખેલાડી : ૯.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ખેલાડી ૭૮૬ : ૯.૦૦, ૧૦.૧૫

તલાશ : ૧૧.૪૫, ૫.૦૦

લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫

: સ્ક્રીન-૨ :

તલાશ : ૯.૪૫

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૦, ૩.૨૦, ૬.૦૫, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

ખેલાડી : ૧૦.૦૦

તલાશ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

: સ્ક્રીન-૪ :

ખેલાડી ૭૮૬ : ૧૧.૨૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

તલાશ : ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ખેલાડી ૭૮૬: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

તલાશ : ૧૦.૩૦, ૧.૧૫, ૧૦.૧૫

સન ઑફ સરદાર : ૪.૧૫, ૭.૧૫

### ચિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- શ્રી છેડાલ પરગણા વણકર સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે, સામાજિક કાર્યક્રમ.
- વી. ઈલેવન પરિવાર ગાંધીનગર દ્વારા સાંજે ૪.૦૦ કલાકે, સામાજિક કાર્યક્રમ.

### સામાજિક

- શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન, તેજસ્વી તારલાઓનો અભિવાદન તથા વૃદ્ધવંદના સમારોહ સવારે ૯.૩૦ કલાકે ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થશે.

**વૃષભ** : વ્યર્થ ભ્રમમાં ન રહેતાં સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કૌટુંબિક મતભેદ ઉભો ન થાય તેની તકેદારી રાખવી. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાની થઈ શકે છે. પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે.

**કર્ક** : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પ્રયત્નો ચાલુ રાખવા. લાભ અને સુખ વધશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

**સિંહ** : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે.

**કન્યા** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થઈ શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે.

**તુલા** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

**વૃશ્ચિક** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નો ફળ તરત જ મળી શકે છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. વાદવિવાદથી દૂર રહેવું. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે.

**મકર** : વ્યવસાયિક યોજનાઓ અધૂરી રહી શકે છે. વ્યવસાયિક પ્રયાસ સાર્થક થશે. આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે.

**કુંભ** : પ્રયત્ન જરૂરી છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિના મામલા ઉકેલાશે. સંત સમાગમ થશે. કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે.

**મીન** : ઈચ્છિત કાર્ય થશે. વિરોધી સમજૂતી કરશે. વેપારમાં, સમાજમાં તમારા બુદ્ધિચાતુર્ય અને દૂરદર્શિતાની પ્રશંસા થશે.

## ચિરવિદાય

- સ્વ. ચંપાબેન રામજીભાઈ રાઠોડ(ઉ.વ. ૯૫) બ્લોક નં. ૩૬/૨, ચ-ટાઈપ સેકટર-૧૩, ગાંધીનગર.
- સ્વ. મધુબેન રામુભાઈ દંતાણી(ઉ.વ. ૬૦) બસ સ્ટેશન પાસેના છાપરાં, ખ-રોડ, સેકટર-૫/બી, ગાંધીનગર.
- સ્વ. મનસુખભાઈ અંબારામદાસ શિહોર (વાળંદ)(ઉ.વ. ૭૧) બ્લોક,એમ-૪૫/૫૩૫, સત્યમ એપાર્ટમેન્ટ, સેકટર-૨૪, ગાંધીનગર.